## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાપુજી અત્યારે જેટલી ખીર ખાવી હોય તેટલી ખાઈ લેજો... ખબર છે... કાગડા ઓછા છે અને તમારો આળસુ દિકરો....!!!

# ચિલોડા સર્કલથી દારૂ બિયર ભરેલી ગાડી પકડાઈ

## વિદેશી દારૂની ૪૨૦ બોટલ અને ૧૨૦ બિયરના ટીન તથા ગાડી મળી રૂ. ૪.૭૧ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

ગાંધીનગર, તા.૪

ચિલોડા પોલીસ ગઈ મોડી સાંજે બાતમીના આધારે ચિલોડા સર્કલે વોચ ગોઠવીને પોલીસે દારૂ-બિયરનો જથ્થો ભરેલી મહિન્દ્રા ઝાયલો ગાડીને પકડી પાડી હતી. વિદેશી દારૂની ૩૫ પેટી અને ૧૨૦ નંગ બિયરના ટીન સહિત કુલ રૂ. ૪,૭૧,૬૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી લઈ સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે. રાજસ્થાનથી દારૂ-બિયર ભરીને નડિયાદ લઈ જવાઈ રહ્યો હોવાની કેફીયત આરોપી આપી રહ્યો છે. ચિલોડા પીઆઈ વી.એલ. ચાવડા તથા તેમની ટીમના દેવેન્દ્રસિંહને બાતમી મળી હતી કે મહિન્દ્રા ઝાયલો ગાડી નં. જીજે ૧ ડી.ટી. ૪૩૯૧માં દારૂ-બિયરનો જથ્થો ભરીને એક શખ્સ રાજસ્થાનથી આવી રહ્યો છે. જેને આધારે મોડી સાંજે ચિલોડા સર્કલે વોચ ગોઠવીને ઝાયલો ગાડી પકડી પાડી હતી. ગાડીમાં ૩૫ પેટી (૪૨૦ નંગ) વિદેશી દારૂ તથા ૧૨૦ નંગ બિયરના ટીન મળી ૧,૭૧,૬૦૦નો દારૂ-બિયર પડયો હતો. ગાડી સહિત ૪,૭૧,૬૦૦ના મુદ્દામાલ સાથે અમદાવાદ વાસણાના બુટલેગર જય જીતેન્દ્ર શાહની ધરપકડ કરી લેવામાં આવી છે. ચિલોડા પોલીસે ગુનાની તપાસ શરુ કરી છે. આરોપીની પુછપરછમાં બહાર આવ્યું છે કે દારુ-બિયરનો જથ્થો રાજસ્થાનથી ગાડીમાં ભરીને નડીયાદ વિસ્તારમાં લઈ જવાઈ રહ્યો હતો.




સ્માર્ટ સિટી સૂચન સમારોહ : મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી માટે નાગરિકોના સૂચન સ્વિકારવાનો સમારોહ રવિવારે સેક્ટર-૩/ડી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મેયર, પૂર્વ મેયર તથા સ્થાનિક નગરસેવકો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૧૯માં મદદનીશ ઈજનેરના બંગલે ઘરફોડ કરનાર ઝડપાયો

ગાંધીનગર, તા. ૪

શહેરના વી.વી.આઈ.પી. સેક્ટર-૧૯ ખાતે બાઈક લઈને બે ઘરફોડીયા મદદનીશ ઈજનેરનાં બંગલામાં ઘૂસ્યા હતા. તેટલામાં જ મકાન માલિક ઘરે આવ્યા ને બંગલામાં ઘૂસેલા બંને ઘરફોડીયાએ ભાગવું પડ્યું હતું. ડરનાં માર્યા તે બંને પોતાનું બાઈક મૂકીને ભાગી ગયા હતા. સેક્ટર-૨૧ પોલીસે બાઈકના નંબરને આધારે ઘરફોડીયા શખ્સ સુધી પહોંચી એકની ધરપકડ કરી લીધી છે જ્યારે બીજો શખ્સ હજુ ફરાર છે.



સેક્ટર-૧૯ બ્લોક નં. ૨૫૬/૩ ખાતે ગ-૧ ટાઈપમાં રહેતા મદદનીશ ઈજનેર લલીતકુમાર પ્યારેલાલ કનોજીયા તેમના પરિવાર સાથે મકાનને બંધ કરીને બહારગામ ગયા હતા. આ મકાન બંધ જોઈને બે ઘરફોડીયા બપોરના અરસામાં તેને ટાર્ગેટ બનાવી નકૂચો તોડીને અંદર ઘુસ્યા હતા. રૂ. ૩ હજાર મકાનમાંથી ઉપાડ્યા અને અન્ય કિંમતી ચીજો શોધી રહ્યા હતા ત્યાં સુધીમાં મદદનીશ ઈજનેર અચાનક ઘરે આવી પહોંચ્યા હતા. મકાન માલિક આવી જતા બંને ઘરફોડીયા રૂ. ૩ હજાર લઈને ભાગ્યા હતા. જોકે ડરના માર્યા તે શખ્સો તેમનું બજાજ એક્સ સી.ડી. બાઈક ત્યાં જ મૂકી ગયા હતા. પોલીસ માટે આ એક મહત્ત્વની કડી હતી. ઘરફોડીયા સુધી પહોંચવા માટેની...! સેક્ટર-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. સી. બી. ચૌહાણ તથા તેમની ટીમે બાઈક નંબરને આધારે તપાસ કરી આરોપી સુધી પહોંચી તેને પકડી પાડવામાં સફળતા મેળવી છે. સેક્ટર-૨૧માં રેડીમેડ કપડાની લારી ચલાવતા અને સેક્ટર-૨૧ છ-ટાઈપ બ્લોક નં. ૭/૩માં રહેતા યુવાન દિપક ચંદ્રકાન્ત ચંદનાની ધરપકડ કરી લીધી છે. તેણે રીઢા ઘરફોડીયા રવિ દલસુખ દંતાણી સાથે મળીને ગુનો આચર્યો હતો. જોકે તે હજુ ફરાર છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિક્યોરીટીને લઇ વધેલી ફરિયાદોને પગલે આજે આર. એમ. ઓ.એ સિવિલની રજાના દિવસે મુલાકાત લઈ ચકાસણી કરી હતી.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના મેને. કમિટિના સભ્યો આજે મા અંબાના દર્શને અંબાજી ગયા હતા.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા હવે ધીરે ધીરે વિકરાળ બનતી જાય છે.
- ગાંધીનગર શહેરમાં સવારનું વાતાવરણ ઠંડકવાળુ હોવાથી મોર્નિંગ વોક્સની સંખ્યામાં ધીમી ગતિએ વધારો નોંધાી રહ્યો છે.
- મેયર વિજય પદ્મ ગરબા સ્પર્ધામાં ગાંધીનગર મહાનગરપાલિકાએ ટીમ ઉતારવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ ખાતે અમદાવાદ કોર્પોરેશન દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરાયું છે.
- ગાંધીનગરમાં ગરબા આયોજકો દ્વારા બેઠકોનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે.

# ‘લોલીપોપ’ જોઈ નેતાઓ મોં બગાડે છે અને તુક્કલ ઉડતી જોઈ સંતાઈ જાય છે

## પાટીદારોના લોલીપોપ વહેંચણી અને તુકકલ ઉડાડવાના કાર્યક્રમથી વેપારીઓને તડાકો : દુકાનો-પાર્લરોની બરણીઓમાંથી લોલપોપ અદશ્ય : દિવાળી માટે લાવેલી તુકકલો નવરાત્રિ પહેલા વેચાઈ ગઈ

ગાંધીનગર, તા.૪

રાજયભરમાં પાટીદાર અનામત આંદોલનના કારણે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી. બંધારણીય અને કાનૂની અડચણો વચ્ચે રાજય સરકાર ઈચ્છે તો પણ પાટીદારોને અનામત કવોટા ફાળવી શકે તેવી સ્થિતિ ના હોવાથી વચ્ચેનો રસ્તો કાઢતા બિનઅનામત વર્ગો માટે આર્થિક સહાયનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જો કે પાટીદાર નેતાઓએ આ પેકેજને ‘લોલીપોપ’ સમાન ગણાવી સરકારના તુક્કા સામે ‘તુક્કલો’ ઉડાડવા માંડી છે. ઠેરઠેર લોલીપોપ વહેંચવામાં આવી રહી હોવાથી લોલીપોપ અને તુક્કલનું વેચાણ કરતા વેપારીઓને તડાકો પડી જવા પામ્યો છે.




એવું કહેવાય છે કે જેને કોઈ ના પહોંચે તેને તેનું પેટ પહોંચે. અત્યાર સુધી રાજયમાં એક હથ્થુ સત્તા ભોગવી રહેલા ભાજપને તેવી જ સ્ટાઈલમાં જવાબ આપતા પાટીદાર નેતાઓએ સરકારની ઊંઘ હરામ કરી દીધી છે. રાજયભરમાં સરકારી ખર્ચે બેનરો, હોર્ડિંગ્સ અને મિડીયામાં જાહેરાતો દ્વારા વાહવાહીની હવા ઉભી કરતા આર્થિક પેકેજને ‘લોલીપોપ’ ની વહેંચણી તથા ‘તુક્કલો’ ઉડાવીને મજાકરૂપ સાબિત કરવાની પાટીદારોની ચેષ્ટા ધીમે ધીમે રંગ લાવી રહી છે.

ખૂબ જ આસાન અને સરળ સ્ટાઈલથી વિરોધ પ્રગટ કરવાના કાર્યક્રમોના કારણે લોલીપોપ અને તુકકલોની માંગમાં વધારો થયો છે. ઘણા ઠેકાણે તો લોલીપોપ-તુક્કલોનો સ્ટોક પણ ખુટી જવા પામ્યો છે. વેપારીઓએ ગયા વર્ષની તુક્કલો ઉપરાંત આ વર્ષે દિવાળીના વેપાર માટે લાવેલી તુક્કલો પણ વેચી નાંખી છે. લોલીપોપ તો હવે દુકાનો અને પાર્લરોના કાઉન્ટર પરની બરણીઓમાંથી અદશ્ય થઈ ગઈ છે. વેપારીઓને તડાકો પડી ગયો છે જયારે સત્તાધારી પક્ષના નેતાઓ પહેલીવાર ‘લોલીપોપ’ જોઈ મોં બગાડે છે. આકાશમાં ઉડતી તુકકલ દેખાય તો પોતે સંતાઈ જવા જગ્યા શોધવા લાગે છે.

# મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૪

મેરા ભારત મહાન ફેન કલબ દ્વારા વ્યક્તિ વિકાસ સ્પર્ધા-૨૦૧૫ અંતર્ગત વકૃત્વ અને ચિત્ર સ્પર્દાનું આયોજન શહેરના સેક્ટર-૩ રામજી મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૭૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધી જયંતિ નિમિત્તે શહેરના સેક્ટર-૩ ખાતે આવેલ રામજી મંદિર ખાતે નગરના નવા સેક્ટરના બાળકોએ વક્તૃત્વ સ્પર્ધામાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. અબ્દુલ કલામ, મધર ટેરેસા જેવા ઉમદા વ્યક્તિઓના જીવન પર અસરકારક વક્તવ્ય રજૂ કર્યા હતા. જ્યારે ચિત્રમાં ગાંધીજી તેમજ પોતાને ગમતા સુંદર ચિત્રો દોરી રજૂ કર્યા હતા. આ સ્પર્ધા બે ભાગમાં યોજાઈ હતી. જેમાં ધોરણ-૫થી ૧૦ તેમજ ધોરણ-૧૧થી કૉલેજ સુધીના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે તાન્યા જીગ્નેશ રાજદીપ (ધો-૬), દ્વિતીય ક્રમે આશા કાળુભાઈ ભરવાડ (ધો-૯), તૃત્તીય ક્રમે મારુ આરતી નવીનભાઈ (ધો. ૭) મેળવ્યો હતો. જ્યારે વિભાગ-૩માં પ્રથમ ક્રમ ભરવાડ સંજય નાથુભાઈએ હાંસલ કર્યો હતો. તેવી જ રીતે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે સાનીયા પ્રદીપ સાગર (ધો-૭), દ્વિતીય ક્રમે પટેલ જીયા હાર્દિકભાઈ (ધો-૫), તૃત્તીય ક્રમે ખાવડીયા મુકેશ લાલજીભાઈ, જ્યારે વિભાગ-૨માં પ્રથમક્રમે પટ્ટણી મુકેશચંન્દ્ર વિજેતા જાહેર થયો હતો. વિજેતા સ્પર્ધકોને શંકરસિંહ ગોહિલ, ડામોરભાઈ, જાદવભાઈ, શૈલેન્દ્રસિંહ ગોલ તેમજ ચારેલભાઈના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગૌતમ સોલંકી, કિરીટ પટેલ, શાંતિલાલ પરમાર, યુસુફભાઈ પરમાર, સલીમ મનસુરી, દ્વારકાદાસ, નિતીરાજ, મુન્નાભાઈ, નરેશ પટ્ટણી, હિરાલાલ મેસરીયા, હસમુખ ભરવાડ, પૂનમભાઈ ઠાકોર, સુરેશ પ્રજાપતિ, સુરેશ ખરાડી, અંબાલાલ વાઘેલા સહિત લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હાસ્ય કવિ સંમેલન એ મંચ પરનો સૌથી કિફાયતી અને સફળ કાર્યક્રમ હોય છે

## ટીવી પરના કોમેડી શૉમાં હાસ્ય કવિઓની કૃતિઓમાંથી ઉઠાંતરી કરેલી ‘જોક’ હોય છે : જીવનમાં તનાવ વધુ છે એટલે કોમેડીની માંગ પણ વધુ છે. ગાંધીનગર પધારેલ હાસ્ય કવિઓની કેફિયત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આજે ટાઉન હૉલ ખાતે હિન્દી સાહિત્યના સુપ્રસિદ્ધ હાસ્ય કવિઓના સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો. એની ટાઈમ મસ્તી - એટીએમ ગૃપ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં દેશના જાણીતા હાસ્ય કવિઓ અરૂણ જેમિની, ચિરાગ જૈન, પૂનમ વર્મા, રમેશ મુસ્કાન તથા પવન દિક્ષિતે ઉપસ્થિત રહી શ્રોતાઓને હાસ્યરસમાં તરબોળ કર્યા હતા. કાર્યક્રમ પૂર્વે અરૂણ જેમિની, ચિરાગ જૈન તથા રમેશ મુસ્કાને હળવા મૂડમાં ‘ગાંધીનગર સમાચાર’ સાથે ખાસ વાતચીત કરી હતી.



કોઈપણ પ્રકારના કાર્યક્રમ યોજાય પરંતુ મંચ પરનો સૌથી સફળ છતાં કિફાયતી કાર્યક્રમ તો હાસ્ય કવિ સંમેલનનો જ હોય છે. કારણ કે, તેમાં શ્રોતાઓને સતત મજા પડે છે અને આયોજકોને ખર્ચો ઓછો આવે છે. જો એકાદ કવિ ના ચાલે તો બીજો હાજર જ હોય છે તે સંભાળી લે છે. આ શબ્દો છે દિલ્હીથી આવેલા અને દૂરદર્શનના વાહ વાહ ક્યા બાત હૈ થી લઈ લાઈફ ઓકે ચેનલના લાફટર એક્સપ્રેસ સુધીના અઢળક શોમાં કાર્ય કરી ચૂકેલા હાસ્ય કવિ ચિરાગ જૈનના. તેમના મતે સોશ્યલ મિડિયાથી અમને ફાયદો જ થયો છે. કારણ કે શ્રોતાઓને પારિવારિક મનોરંજ અને વલ્ગારિટી વચ્ચેનો ભેદ પારખતા આવડી ગયું છે. જો કે અમને આ વાતનો રંજ જરૂર છે કે અમારી કૃતિઓ સોશ્યલ મિડિયા પર વહેતી થાય છે પરંતુ તેની ક્રેડિટ અમને આપવામાં નથી આવતી.

ભારતની કવિ સંમેલન સમિતિના અધ્યક્ષ અરૂણ જેમિની હરિયાણાથી આવ્યા હતા અને ખાસ હરિયાણવી શૈલીમાં હાસ્ય સાહિત્યનું સર્જન કરનારા પ્રથમ કવિ ગણાય છે. તેઓ જણાવે છે કે, ટી.વી. પર આવતા મોટા ભાગના કોમેડી શોમાં અમારી લખેલી કવિતાઓમાંથી ‘જોક’ ઉઠાવેલી હોય છે. અરૂણ જેમિની પણ દૂરદર્શન પર ફુલઝડી એક્સપ્રેસ અને હસગુલ્લા જેવા શૉ કરી ચુક્યા છે. તેઓ જણાવે છે કે, જીવનમાં તણાવ વધતો જાય છે માટે કોમેડીની જરૂરિયાત પણ વધતી જાય છે. એટલે હાસ્ય કવિઓનું ભાવિ સલામત છે.

આગ્રાથી આવેલા રમેશ મુસ્કાન પણ કવિ સંમેલન સમિતિના સચિવ છે. તેઓના મતે કોમેડી સૌથી મુશ્કેલ કાર્ય છે, એક સમય હતો જ્યારે પહેલા ગલી-મહોલ્લા વગેરમાં પણ કવિ સંમેલનો થતા હતા. હવે ઈલેક્ટ્રોનિક માધ્યમોથકી અમને ખૂબ મોટો મંચ મળ્યો છે. એટલે જ્યાં અમે નહોતા પહોંચી શકતા ત્યાં સુધી હવે પહોંચી શકીએ છીએ. જો કે તેઓ કબુલ કરે છે કે, લાઈન કોમેડીની અલગ જ મજા છે, ઓન ધ સ્પોટ જે નીકળે તેનો આનંદ જ અનેરો હોય છે.

# કલોલ તાલુકાની શાળાઓનું પલાસણા ગામે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૪

કલોલ તાલુકાના પલાસણ ગામની પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો વિજ્ઞાન-ગણિત પ્રદર્શન યોજાયો છે. પ્રદર્શનમાં ૨૦૦ વિદ્યાર્થીઓ તેમજ ૧૦૦ વિજ્ઞાન શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં જિલ્લા કક્ષાએ ૧૦ પ્રાથમિક શાળાઓની કૃતી પસંદગી પામી હતી. શાળામાં બાળકો અંધશ્રધ્ધા નિવારણના વિવિધ નાટકો, વિજ્ઞાનના પ્રયોગો, ગામડામાં જનજાગૃતિ આવે તેવા બાળકોએ પ્રયત્નો કર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એમ.એન. રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિભાગ-૧માં નારદીપુરની પ્રાથમિક શાળા અને વાગોસણા પ્રાથણિક શાળા પસંદગી પામી હતી. વિ-૨માં સંતઅન્ન પ્રાયમરી સ્કુલ તેમજ ઓળા પ્રાથમિક શાળા પસંદગી પામી હતી. વિભાગ-૩માં ધાનેરા અને રકનપુર પ્રાથમિક શાળા પસંદગી પામી હતી. વિભાગ-૪માં ઓળા અને ભાઉપુરા પ્રાથમિક શાળાની પસંદગી કરાઈ હતી. તથા વિભાગ-૫માં કલોલ શાળા નં. ૮ અને મુલસાણા પ્રાથમિક શાળાની કૃતિઓ જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં પસંદગી પામી હતી તેમજ આ જ દિવસે તાલુકા કક્ષાની નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં નિબંધ સ્પર્ધામાં જાસપુર પ્રાથમિક શાળાની આયુષી દરજી પ્રથમ ક્રમાંકે તેમજ રણછોડપુરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની હેમાંગી સોલંકી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ તથા વકતૃત્વ સ્પર્ધામાં તૃતીય ક્રમ મેળવી વિજેતા બની હતી.

# મોબાઈલના વેપારીનો નવતર અભિગમ શહેરમાં ફ્રી સર્વિસ કેમ્પનુ આયોજન

## રૂદ્ર મોબાઇલ દ્વારા ૨૩૦ ગ્રાહકોને ફ્રી ચેક અપ કેમ્પ હેઠળ સેવા અપાઇ

ગાંધીનગર તા ૪

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં વેપારીઓ પણ પોતાના ધંધા રોજગારને પ્રમોટ કરવા અને ગ્રાહકોને પોતાની તરફ આકર્ષવા નવતર અભિગમ અપનાવે છે. ધંધાકીય ક્ષેત્રે સ્પર્ધાનો અભિગમ વધુ મજબુત બનતા ગ્રાહકોને પણ કયાંક કયાંક સરવાળે ફાયદો થાય છે . સે-૧૭:૨૨ પાસે સ્થિત મોબાઈલ શોપના વેપારીએ આજે ફ્રી મોબાઈલ સર્વિસ અને ચેક અપ કેમ્પનુ આયોજન કર્યુ હતુ. દિવસના અંતે ૨૫૦ જેટલા મોબાઈલ ધારકોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

અત્યાર સુધી શહેરમાં મફત આરોગ્ય નિદાન કેમ્પનુ આયોજન થતુ હોવાનુ અનેકવાર પ્રકાશમાં આવ્યુ છે. જયારે આજે પ્રથમવાર મોબાઈલ શોપના વેપારી દ્વારા ફ્રી મોબાઈલ સર્વિસ કેમ્પનુ આયોજન કર્યુ હતુ. આ અંગે સે-૧૭:૨૨ પાસે સ્થિત રૂદ્ર મોબાઈલ પોઈન્ટના વેપારી કાર્તિક એસ પટેલે જણાંવ્યુ હતુ કે આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં ગ્રાહકોને ઉત્તમ સર્વિસ મળી રહે તે અત્યંત જરૂરી છે. આજના સમયમાં મોબાઈલ દરેક વ્યકિતની જરૂરિયાત બની ગયો છે. ત્યારે મોબાઈલના વેચાણની સાથે સર્વિસની ડીમાન્ડ પણ વધી ગઈ છે. દિવસ દરમિયાન શહેરમાં સેંકડો મોબાઈલ યુઝર્સ નાની મોટી ફરિયાદોના નિરાકરણ માટે મોબાઈલ શોપ્સ પર જતા હોય છે. મોબાઈલમાં ઉદભવતી ટેકનિકલ ખામીઓના નિરાકરણ માટે ગ્રાહકોને યોગ્ય સર્વિસ ઉપલબ્ધ થાય તે અનિવાર્ય છે. જયારે આવા ગ્રાહકોને મદદરૂપ થવાની ભાવના સાથે તેમજ ગ્રાહકો આકર્ષાય તેવા આશયથી આ ફ્રી સર્વિસ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આજે દિવસ દરમિયાન ૨૫૦ જેટલા મોબાઈલ યુઝર્સે કેમ્પનો લાભ લીધો હતો.



## ચિલોડા ખાતે ગ્રામ સફાઈ ઝુંબેશ અભિયાનનો પ્રારંભ

સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સંદેશને ચરિતાર્થ કરવા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ચિલોડા ગ્રામ પંચાયત તથા ગ્રામ વિકાસ કમિટીના સંયુક્ત ઉપક્રમે ચિલોડા ગામે સ્વચ્છતા અભિયાન આરંભાયું છે. આ અભિનાય ગ્રામના વેરાઈ માતાજીના મંદિરથી જનકપુરી સોસાયટીના મુખ્ય માર્ગો પર કચરાનો નિકાલ કરવા તથા રસ્તાની સાફ-સફાઈ કરી છ થી સાત ટ્રેક્ટર કચરાનો નિકાલ કર્યો હતો. આ અભિયાન સમગ્ર ગામના મુખ્ય માર્ગો તથા શેરીએ - શેરીએ સાફસફાઈ કરવામાં આવશે. આ અભિયાનમાં ગામના સરપંચ સવાજી તથા વિકાસ કમિટિના સભ્યો સવારથી સાંજ સુધી સફાઈ ઝુંબેશમાં ઝાડુ, પાવડા સાથે રસ્તાઓ સાફ-સફાઈ કરવા સંયુક્ત અભિયાનમાં જોડાયા હતા. આમ સ્વચ્છતા અભિયાનથી ગ્રામજનોએ સેવાયજ્ઞને બિરદાવ્યું હતું. આમ કચરાના નિકાલ માટે ઉંડો ખાડો ખોદાવી કચરાનો ઢગલો ઉપયોગી બને તેવો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. આગામી નવરાત્રિ અને દિવાળીના તહેવારોમાં ગામ સ્વચ્છ અને સુંદર બને તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે. (તસવીર : નટુભાઈ પટેલ)

“ખાદી ઉત્સવ ૨૦૧૫-૧૬”
ખાદી ઉત્સવ 2015-16
સ્થળ:- એ.ઈ.એસ.ગ્રાઉન્ડ, ટી.વી. ટાવરની પાછળ, બોડકદેવ, અમદાવાદ.
પ્રદર્શનના સ્થળેથી ગુજરાતમાં ઉત્પાદીત ખાદીની ખરીદી ઉપર... વિશેષ વળતર...
ખાદી અને ગ્રામોધોગ તથા હસ્તકલા, ચર્મોધોગ, માટીકામની ચીજ-વસ્તુઓની ખરીદીનું પ્રદર્શન સહ વેચાણ
સાંસ્કૃતિક કાર્યક્રમો સાંજે ૭.૦૦ વાગે
પ્રદર્શન ૦૨ ઓક્ટોબર ૨૦૧૫ થી ૨૫ ઓક્ટોબર ૨૦૧૫ સુધી
સમય બપોરે ૧.૦૦ થી રાત્રીની ૧૦.૦૦ સુધી
ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન ભારત સરકાર
ઓ. રવિ, IAS, સદસ્ય સચિવ
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોધોગ બોર્ડ
ગ્રામ નિર્માણ ભવન, જુનાવાડજ, અમદાવાદ - ૩૮૦૦૧૩
પાર્કીંગ અને પ્રવેશ વિના મૂલ્ય /(શનિ, રવિ અને જાહેર રજાના દિવસે સમય સવારે ૧૧.૦૦ થી રાત્રીની ૧૦.૦૦ સુધી)